ભાજપ નેતાની લક્ઝરી કાર અને સોસાયટીની દીવાલ: વડોદરામાં તોડફોડ બાદ જબરો વિવાદ

# ટાઉન પ્લાનિંગ વિભાગે જેસીબી ફેરવ્યું; વિજય ચાવડાના ઈશારે કામગીરી થતી હોવાના આક્ષેપથી ખળભળાટ

**સમગ્ર** વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે અને સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે

## નવી કારના પાર્કિંગ માટે દીવાલ તોડાવી?

સાનિધ્ય સોસાયટીના રહીશોમાં એવી ચર્ચા છે કે એક બાજુ સામાન્ય જનતાના નાના બાંધકામો પર તંત્ર ત્રાટકે છે, જ્યારે બીજી તરફ સત્તાધારી પક્ષના કાર્યકર્તાઓના અંગત સુખ-સુવિધા માટે સરકારી મશીનરીનો દુરુપયોગ કરવામાં આવે છે. નવી કાર લાવ્યા બાદ પાર્કિંગની જગ્યા મોકળી કરવા માટે આખી સોસાયટીની દીવાલ અને ઝાંપા તોડી પડાયા હોવાના ગંભીર આક્ષેપોએ પાલિકાની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે.



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલી સાનિધ્ય સોસાયટીમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની કામગીરીએ વિવાદનું સ્વરૂપ ધારણ કર્યું છે. ટાઉન પ્લાનિંગ વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે સોસાયટીની કમ્પાઉન્ડ વોલ અને લોખંડના ઝાંપા તોડી પાડતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, ભાજપના એક હોદ્દેદારના અંગત સ્વાર્થ માટે તંત્રએ આ આકરૂં પગલું ભર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ખોડિયાર નગરની સાનિધ્ય સોસાયટીમાં કેટલાક રહીશો દ્વારા કમ્પાઉન્ડ વોલ બહાર કાઢીને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉઠી હતી.

આ મામલે ગાંધીનગર લેવલે ઓનલાઇન ફરિયાદ નોંધાયા બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ શાખા હરકતમાં આવી હતી. દબાણ શાખાની ટીમ અને સ્થાનિક પોલીસના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી જેસીબીની મદદથી બાંધકામ તોડી પાડવાની કામગીરી શરૂ કરી હતી. સોસાયટીના રહીશોએ આ કાર્યવાહીને પૂર્વયોજિત અને રાજકીય પ્રેરિત ગણાવી છે. રહીશોનો સીધો આક્ષેપ છે કે, ભાજપના વોર્ડ પ્રમુખ વિજય ચાવડાના ઈશારે આ કાર્યવાહી કરવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, "ભાજપ કાર્યકર્તાએ તાજેતરમાં નવી કાર ખરીદી છે, પરંતુ તેમને પાર્કિંગમાં અગવડ પડતી હોવાથી સોસાયટીના રહીશોની દીવાલ નડતરરૂપ હોવાનું કહીને તેને તોડાવવા માટે તંત્ર પર દબાણ લાવવામાં આવ્યું હતું."

જોકે, કોર્પોરેશનના અધિકારીઓએ આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, નિયમ વિરુદ્ધ થયેલા દબાણોને દૂર કરવાની આ એક રૂટિન પ્રક્રિયા છે અને કાયદાકીય જોગવાઈઓ મુજબ જ કાર્યવાહી કરવામાં આવી છે. હાલમાં આ મુદ્દો સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે અને સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ક્રાઇમ બ્રાન્ચે ચાર ઠગાઇની ગુનાના ફરાર આરોપીને દબોચી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યાં

# લોન અપાવવાના બહાને રૂ.4.92 કરોડની ઠગાઈમાં વધુ 1 આરોપીની ધરપકડ

આરોપી આકાશ મહીડા હાલમાં ઠગાઈના ચાર ગુનામાં નાસતો ફરતો હતો




(પ્રતિનિધિ) વડોદરા, તા.21

લોન અપાવવાના તેમજ સસ્તામા સોનુ અપાવવાના બહાને રૂપીયા ૪.92 કરોડની ઠગાઈ સહીતના 4 ગુનામાં નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપીની વધુ પૂછપરછ કરવા માટે તેને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માગણી કરાઈ હતી. ત્યારે કોર્ટ દ્વારા 5 દિવસના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવવામાં આવ્યાં છે. વડોદરા શહેરના ગેંડા સર્કલ પાસે સિગ્નેન હબમાં રાધે એન્ટરપ્રાઈઝ નામની ઈમ્પોર્ટ એક્ષપોર્ટની ફાયનાન્સની ઓફિસ ખોલીને નયના મહિડા તથા આકાશ મહિડા સહિતની ગેંગ દ્વારા વર્ષ 2025માં વેપારીને સસ્તામાં સોનુ આપવાની લાલચ આપી હતી. ઉપરાંત રૂ.10 કરોડની લોન અપાવવાનું કહી તેમની પાસેથી રૂ.4.61 કરોડ તથા રૂ.10 કરોડની લોન આપવા માટે કમીશન પેટે એડવાન્સ આપવાના જણાવી રૂ. 31 લાખ મળી કુલ 4.92 કરોડ જેટલી માતબર રકમ પડાવી લઈને છેતરપિંડી આચરવામાં આવી હતી. પરંતુ સોનુ નહી આપી કે લોન નહીં અપાવડાવી બનાવટી પોલીસ ઉભી કરી વેપારી સાથે ઠગાઇ આચરવામાં આવી હતી. જેનો ગુનો જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારે આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પૈકીના કેટલાક આરોપીઓ નાસતા ફરતા હતા.

આ ફરાર આરોપીઓની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ટેકનીકલ અને હ્યુમન સોર્સના આધારે સતત શોધખોળ જારી રાખવામાં આવી છે. ત્યારે આ ગુનામાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપી આકાશ મનહરસિંહ મહીડા (ઉં.વ.42 રહે.દીપદર્શન સોસાયટી વિભાગ-2,નારાયણવાડી અટલાદરા, વડોદરા) ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપીની વધુ પૂછપરછ કરવા માટે કોર્ટમાં રજુ કરી પોલીસ કસ્ટડીના રીમાન્ડની માંગણી કરાઇ હતી. ત્યારે કોર્ટ દ્વારા આરોપીના દિન 5 દિવસના રિમાન્ડ પર મંજૂર કરવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે આરોપી આકાશ મહીડા હાલમાં ઠગાઈના ચાર ગુનામાં નાસતો ફરતો હતો.

દાજીપુરામાં 16 વર્ષીય નાની બહેન ઘરમાં કોઇ કહ્યા વિના ફળિયામાં બેસવા ગઇ હતી

# મોટાભાઈ ઠપકો આપતા સગારીએ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો

દરા પોલીસને થતા પોલીસે લાશનો કબજો મેળવી પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

પાદરાના દાજીપુરા ગામે રહેતી 16 વર્ષી સગીરા ઘરમાં કોઈ કહ્યા વિના ફળિયામાં બેસવા માટે ગઇ હતી. જેને લઈને તેના મોટાભાઈએ ઠપકો આપતા સગીરાને લાગી આવ્યું હતું તેણે ઘાસચારો બાળવાની ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરી લીધો હતો. જેથી પાદરા પોલીસે લાશનું પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના દાજીપુરા ગામે પહેલા ફળિયામાં રહેતી 16 વર્ષીય સગીરા ગત 16 ફેબ્રુઆરીના રોજ બપોરના આશરે બારેક વાગે કોઈને કઇ કહ્યા વિના ફળીયામા બેસવા માટે જતી રહી હતી. જેથી તેના મોટાભાઈ કિશનકુમારે તેને બોલાવીને ઠપકો આપ્યો હતો. પરંતુ ભાઇ વિચારતો ન હતો કે નાની બહેનને ખોટુ લાગશે પરંતુ સગીરા બહેને ભાઈના ઠપકાને લઈને મનમાં લાગી આવતા જાતે ઘરે ઘાસચારો બાળવાની દવા ગટગટાવી લીધી હતી. દરમિયાન તેની તબિયત લથડતા સારવાર માટે પાદરાના દવાખાના બાદ એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારે સયાજી હોસ્પિટલમાં સગીરાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જેના જાણ પાદરા પોલીસને થતા પોલીસે લાશનો કબજો મેળવી પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

વહીવટી તંત્રની લાપરવાહીથી હજારો લિટર પીવાનું પાણી વેડફાતા સ્થાનિકોમાં ભારે રોષ

# નટુભાઈ સર્કલ પાસે 'મોતનો ખાડો' તંત્રે બેરિકેડ મૂકી સંતોષ માન્યો


રાત્રિના સમયે અંધારામાં મોટા અકસ્માતની ભીતિ, તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું હોય તેવો ઘાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા નટુભાઈ સર્કલ પાસે છેલ્લા કેટલાય સમયથી એક જોખમી ખાડાએ રાહદારીઓ અને વાહનચાલકોની ઊંઘ હરામ કરી દીધી છે. આ ખાડાને કારણે માત્ર અકસ્માતનું જોખમ જ નથી તોળાઈ રહ્યું, પરંતુ પાઈપલાઈનમાં ભંગાણને કારણે હજારો લિટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, તંત્રએ માત્ર બેરિકેટ મૂકીને પોતાની જવાબદારી પૂર્ણ માની લીધી છે, જેનાથી સ્થાનિક રહીશોમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે.

### સ્થાનિકોની મુખ્ય માંગણીઓ

- **તાત્કાલિક સમારકામ:** ખાડાને યોગ્ય મટીરિયલથી પૂરીને રસ્તાનું લેવલિંગ કરવામાં આવે.
- **પાઈપલાઈનનું સમારકામ:** પાણીનો વેડફાટ અટકાવવા માટે પાઈપલાઈનનું ભંગાણ વહેલી તકે રીપેર થાય.
- **પૂરતી લાઈટિંગ:** જ્યાં સુધી કામ પૂરું ન થાય ત્યાં સુધી રાત્રિના સમયે ત્યાં ચેતવણી આપતી લાઈટો કે પૂરતો પ્રકાશ રાખવામાં આવે.



ઉનાળાની શરૂઆત થતા જ શહેરના અનેક વિસ્તારોમાં પાણીની બૂમરાણ મચતી હોય છે, ત્યારે નટુભાઈ સર્કલ પાસે પાઈપલાઈનમાં પડેલા ભંગાણને કારણે ચોવીસે કલાક પીવાનું પાણી રસ્તા પર વહી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હજારો લિટર પાણીનો આ વેડફાટ અટકાવવા માટે કોર્પોરેશન દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. "બેરિકેડથી રસ્તો નથી બનતો, કામગીરીથી બને છે!" તેમ એક રોષે ભરાયેલા રાહદારીએ જણાવ્યું હતું.

આ ખાડો એટલો ઊંડો અને જોખમી છે કે સ્થાનિકો તેને 'મોતનો ખાડો' કહી રહ્યા છે. રાત્રિના સમયે આ માર્ગ પર પૂરતો પ્રકાશ ન હોવાને કારણે ટુ-વ્હીલર ચાલકો માટે આ ખાડો જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. માત્ર બેરિકેડ મૂકી દેવાથી અકસ્માત રોકી શકાશે નહીં, કારણ કે સાંકડા રસ્તા પર બેરિકેટને કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે.

પરીક્ષા કેન્દ્ર પર અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશ સહિત કેટલાક નિયંત્રણો લદાયા

# તા. 26 ફેબ્રુઆરીથી 176 પરીક્ષા કેન્દ્ર પર શરૂ થતી બોર્ડની પરીક્ષા અંગે જાહેરનામું

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો.10 અને તથા ધો.12 બંને પ્રવાહની પરીક્ષાઓ તા.26 ફેબ્રુઆરીથી થી 18 માર્ચ સુધી વડોદરા શહેરના 176 પરીક્ષા કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. વડોદરા શહેરના 176 પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા યોજાનાર છે. જેથી આ પરીક્ષા કેન્દ્રના પરીક્ષા ખંડની અંદર તા.26 થી તા.18 માર્ચ સુધી પરીક્ષાના દિવસ દરમિયાન સવારના 8 કલાક થી 20.30 કલાક સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, બ્લુટુથ, કેમેરા, વાયરલેસ સાહિત્ય વગેરે લઇ જવા ઉપર કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુમાં 100 મીટરના અંતરમાં પરીક્ષા દરમિયાન ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં. આ સાથે પરીક્ષા કેન્દ્રની આસપાસ 100 મીટરના અંતરમાં ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકશે નહીં. લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાઈ નહીં તે માટે ઉક્ત સમય દરમિયાન ખોદકામ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તદુપરાંત પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમિયાન બિનઅધિકૃત વ્યક્તિઓ પ્રવેશ કરી શકશે નહીં, એવું પોલીસ કમિશનરના જાહેરનામામાં જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-2023 ની કલમ-223 હેઠળ સજાને પાત્ર થશે.

એમએસયુમાં એજન્સી દ્વારા સિક્યુરિટી ગાર્ડનો પગાર નહિ થતા વિવાદ

# પગાર અને પીએફના પ્રશ્ને ગ્રુપ-7ના સુરક્ષા કર્મચારીઓની હેડ ઓફિસમાં રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

એમ.એસ. યુનિવર્સિટીએ તાજેતરમાં જ સિક્યુરિટી માટે નવી ત્રણ અલગ અલગ કંપનીઓને ટેન્ડર આપ્યું હતું, તેમ છતાં પણ જુના ટેન્ડરના ગ્રુપ 7 હેઠળ ફરજ બજાવતા કેટલાક સિક્યુરિટી કર્મચારીઓના પગાર હજી સુધી ચૂકવાયા નથી. પગાર નહીં મળતા સિક્યુરિટી કર્મચારીઓ હેડ ઓફિસ ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. આ રજૂઆત બાદ યુનિવર્સિટી દ્વારા ત્રણ દિવસ બાદ પગાર ચૂકવવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી છે. ત્યારે, સિક્યુરિટી કર્મચારીઓ દ્વારા ચેતવણી પણ આપવામાં આવી હતી કે, જો ત્રણ દિવસમાં પગાર ચૂકવવામાં નહીં આવે તો ગ્રુપ સેવનના તમામ કર્મચારીઓ હેડ ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કરશે. સિક્યુરિટી કર્મચારી મહેશભાઈએ જણાવ્યું હતું કે, અમે ગ્રુપ સેવનમાંથી છે. આજે 21 તારીખ થઈ ગઈ, અમે વારંવાર અમે રજૂઆત કરી છે, પણ હજી સુધી અમારો પગાર કરવામાં આવ્યો નથી. અત્યારે ના છૂટકે પણ અમારે આવું પડ્યું હતું હેડ ઓફિસે અને બીજાની જે એજન્સી લીધેલી છે. તેમને ફોન કરીને જાણ કરી તો અમને ઉલટા સુલટા જવાબ આપવામાં આવી રહ્યા છે કે, તમારાથી જે કરવું હોય એ કરો આગળ જાવ. તમે ત્યાં પૂછો અમને બીલ ચૂકવશે તો અમે ચૂકવીશું, એવો જવાબ આપવામાં આવી રહ્યો છે. કોઈપણ પરિસ્થિતિ હોય અમે પરિવાર લઈને બેઠા છે. જો અમારો પગાર કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરીશું



## તડીપારના હુકમનો ભંગ કરી શહેરમાં પ્રવેશનાર શખ્સની ધરપકડ

( પ્રતિનિધિ) વડોદરા તા.21

માંજલપુર વિસ્તારમા હત્યા તથા પ્રોહિબિશન સહિતના વારંવાર ગુના આચરતા હોય ત્યારે આરોપીને ગત 28 ઓગષ્ટથી વડોદરા શહેર તથા જિલ્લામાંથી તડીપાર કરાયો હતો. તેમ છતાં આરોપી તડીપારના હુકમનો ભંગ કરીને ફરી શહેરમાં પ્રવેશ્યો હોય ત્યારે તેના વિરુદ્ધ તડીપારનો હુકમનો ભંગ શખ્સને ઝડપી પાડ્યો છે. વડોદ રા શહેરના માંજલપુર વિસ્તારમાં અલવાના કા કોતર તલાવડી લક્ષ્મીનગરમાં રહેતા રાજ ગણેશ વારકે હત્યા અને પ્રોહિબિશન સહિતના 12 ગુના નોંધાયેલા છે. ઉપરાંત આરોપીને એકવાર પોલીસ દ્વારા પાસા પણ કરાઈ હતી. જેમાં છતાં આરોપીએ ગુનાઈત પ્રવૃતિ આચરતો રહેતો હોય પોલીસ દ્વારા ગત 28 ઓગષ્ટ 2025થી વડોદરા શહેર જિલ્લામાંથી 18 મહિના માટે તડીપાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં આરોપી તડીપારના હુકમનું ઉલ્લંઘન કરીને શહેરમાં પ્રવેશ કરી રહેતો હતો. દરમિયાન માંજલપુર પોલીસ દ્વારા આરોપી રાજ વારકે સામે તડીપારનો હુકમનો ભંગ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


બંસલ મોલ સામે વીજ કંપનીના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાઇ દુર્ઘટના

# તરસાલીમાં MGVCLની જીપ બેકાબૂ, ડિવાઈડર કૂદીને સીધી મકાનમાં ઘૂસી, મોટી હોનારત ટળી

અકસ્માત સર્જી ગાડીમાં સવાર MGVCLના ચાર કર્મચારીઓ વાહન ઘટનાસ્થળે જ મૂકીને પલાયન થઈ ગયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાતા સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી. બંસલ મોલની સામેના રોડ પર MGVCL (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ) ની એક ગાડીના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી સીધી જ સામે આવેલા એક મકાનના કમ્પાઉન્ડમાં ઘૂસી ગઈ હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મકાનને ભારે નુકસાન પહોંચ્યું છે.



મળતી માહિતી મુજબ, MGVCLની સરકારી ગાડી પૂરઝડપે પસાર થઈ રહી હતી ત્યારે બંસલ મોલ પાસે ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો. ગાડી એટલી ઝડપમાં હતી કે તે રોડ વચ્ચેના ડિવાઈડર પરથી ઉછળીને સામેના મકાનની કમ્પાઉન્ડ વોલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મકાનની દિવાલ તૂટી ગઈ હતી અને ગાડી સીધી અંદર સુધી ઘૂસી ગઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે ગાડીમાં MGVCLના ચાર કર્મચારીઓ સવાર હતા. અકસ્માત થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેનો લાભ ઉઠાવીને ચારેય કર્મચારીઓ પોતાની ગાડી ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયા હતા. ટક્કરનો અવાજ એટલો ભયાનક હતો કે રહીશોમાં ફાળ પડી હતી. ઘટનાની જાણ થતા જ મકરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનનો કબજો લઈ આગળની તપાસ હાથ ધરી છે. હવે જોવાનું એ રહે છે કે, સરકારી વાહન દ્વારા થયેલા આ નુકસાન અને લાપરવાહી બદલ મકરપુરા પોલીસ અને વીજ કંપની તંત્ર દ્વારા શું પગલાં લેવામાં આવે છે.

તંત્રના પાપે જનતાનો જીવ જોખમમાં; વારંવારની રજૂઆતો છતાં એન્જિનિયરિંગ વિભાગની લાપરવાહી યથાવત

# ભ્રષ્ટાચારનું ગાબડું: નિઝામપુરામાં ભરચક રસ્તા વચ્ચે જમીનમાં ટ્રક ધસી ગઈ!

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ ટળી ગઇ



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા નિઝામપુરા વિસ્તારમાં આજે બપોરના સમયે એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. ગોવર્ધનજીની હવેલી અને પેટ્રોલ પંપ પાસેના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહેલી એક ભારે માલવાહક ટ્રક અચાનક રોડમાં પડેલા મસમોટા ખાડામાં ફસાઈ ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એન્જિનિયરિંગ વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શનિવારે બપોરે આશરે 2:00 વાગ્યે નિઝામપુરા મેઈન રોડ પરથી એક ભારદારી ટ્રક પસાર થઈ રહી હતી. આ દરમિયાન રોડની નબળી કામગીરીને કારણે ટ્રકનું ટાયર જમીનમાં ધસી ગયું હતું અને ટ્રક ફસાઈ ગઈ હતી.

જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ટ્રક ફસાવાને કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બાદમાં ટ્રકને બહાર કાઢવામાં આવી હતી અને સાવચેતીના ભાગરૂપે ખાડાની આસપાસ બેરીકેડિંગ કરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકોએ તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, "વોર્ડ નંબર 1 નું એન્જિનિયરિંગ ખાતું તદ્દન નિષ્ફળ ગયું છે. અમે છેલ્લા ત્રણ-ચાર મહિનાથી આ ખાડાઓ બાબતે રજૂઆત કરી રહ્યા છીએ. MGVCLમાં પણ જરૂરી રકમ ભરવામાં આવી હોવા છતાં કામગીરી કરવામાં આવતી નથી. ફતેગંજથી છાણી જકાતનાકા સુધીના રોડ પર ઠેર-ઠેર ખાડાઓ છે, જેને કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાય છે." નિઝામપુરા વિસ્તાર વડોદરાનો અત્યંત ધમધમતો વિસ્તાર છે. સાંજના સમયે અહીં ટ્રાફિકનું ભારણ વધુ હોય છે. સ્થાનિકોનું કહેવું છે કે જો સમયસર આ ખાડાઓ પૂરવામાં નહીં આવે તો કોઈ મોટો અકસ્માત સર્જાઈ શકે છે. વડોદરા 'ખાડા નગરી' બની ગયું હોવાની બૂમો વચ્ચે હવે જોવાનું એ રહે છે કે કોર્પોરેશન ઊંઘમાંથી જાગીને આ મેઈન રોડનું સમારકામ ક્યારે શરૂ કરે છે.

એસટી વિભાગ દ્વારા વધારાની 325 બસોનું તબક્કાવાર આયોજન કરાયું

# ગુજરાત બોર્ડની પરીક્ષા અને હોળી ધુળેટીના પર્વ નિમિતે એક્સ્ટ્રા બસો દોડાવાશે

મુખ્ય એસટી ડેપો સહિત નિઝામપુરા અને મકરપુરા ડેપો ખાતેથી પણ બસો ઉપડશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરમાં આગામી 26 ફેબ્રુઆરીથી ગુજરાત બોર્ડની પરીક્ષાઓ અને હોળી અને ધુળેટીના તહેવારને ખાસ લઈને વતન જતા મુસાફરો માટે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. એસટી વિભાગ દ્વારા આ વખતે 325 વધારાની બસો દોડાવવાનું આયોજન કર્યું છે.27 ફેબ્રુઆરીથી ચાર માર્ચ દરમિયાન આ વિશેષ બસો દોડાવવામાં આવશે.



વડોદરાથી દાહોદ ઝાલોદ ગોધરા અને ડાકોર જેવા રૂટ ઉપર ભારે ઘસારો રહેતો હોય છે. જેને પહોંચી વળવા માટે એસટી વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થા ઉભી કરાય છે. શરૂ કરાયેલ બસો મેન બસ સ્ટેશન ઉપરાંત નિઝામપુરા અને મકરપુરાથી પણ ઉપડશે. સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાને પણ ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને કોઈ અગવડ ન પડે તે રીતે દરરોજ તબક્કાવાર બસો દોડાવામાં આવશે. વધુમાં દ્વારકા દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે પણ વિશેષ બસોની ફાળવણી કરવામાં આવી છે. એસટી વિભાગના વિભાગીય નિયામક જે.એન.પટેલે જણાવ્યું હતું કે, આગામી હોળીનો તહેવાર આવનાર છે.

જેના અનુસંધાને બરોડા બસ સ્ટેશન ખાતેથી વડોદરાનમાંથી લોકોને પોતાના વતન ખાતે જવા માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે. જેમાં અમે 27 તારીખથી શરૂ કરી અને 3 તારીખ સુધી એટલે ચાર તારીખ ધુળેટી સુધી કુલ 325 નવીન બસોની વ્યવસ્થા કરેલ છે. જે વડોદરા બસ સ્ટેશન ખાતેથી મુસાફરોને લઈને દાહોદ ઝાલોદ, ગોધરા, ડાકોર અને અમદાવાદ અને થોડી ઘણી જરૂરિયાત ઉપસ્થિત થશે જે તે સમયે ત્યારે દ્વારકા માટેનું પણ આયોજન કરવામાં આવેલું છે અને બરોડા બસ સ્ટેશન ખાતેથી, નિઝામપુરા, મકરપુરા સ્ટેશન ખાતેથી પણ વધારાની એક્સ્ટ્રા બસોનું આયોજન કરેલ છે. જેથી બરોડાવાસીઓ કે જે પોતાના વતન માટે જવા માંગતા હોય તેઓને પૂરતી સગવડ મળી રહે અને વ્યવસ્થિત રીતે તેઓ શાંતિથી વતનમાં પહોંચી શકે તે રીતે આયોજન કરેલું છે. તબક્કાવાર અમે 27મી તારીખે આગામી આયોજન કરેલું છે.